| GJSN020047192025 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૨૫/૦૮/૨૦૨૫ | | |
| | રજુ તારીખ | ૨૫/૦૮/૨૦૨૫ | | |
| | ફેસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૬ | ૦૯ |

---

**સુરેન્દ્રનગરનાં મહે. એડી.સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સુરેન્દ્રનગર.**

---

**રે.દિવાની કેસ નંબર : ૧૨૦/૨૦૨૫**

**આંક:**

**વાદી** :– પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.,
રાજકોટ/રાજસીતાપુર સબ ડીવીઝન વતી,
નાયબ ઈજનેર, શ્રી ઈમ્તિયાઝ યુસુફભાઈ શેખ,
ઉ.વ.આ.૪૨, ધંધો–નોકરી,
રહે.રાજસીતાપુર, તા.ધ્રાંગધ્રા.
સંજયભાઈ પ્રેમજીભાઈ નકુમ (નવા વાદી)

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી** :– ગુજ. ઝાંઝનભાઈ રૂડાભાઈ રબારીના વારસદાર
દેવકરણભાઈ લીંબાભાઈ ઝાંઝનભાઈ રબારી,
ઉ.વ.આ.૩૮, ધંધો–માલધારી,
મું.ખોડુ, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

---

**દાવો :–રૂા.૬૩,૨૭૪–૪૧ પૈસા વસુલ મેળવવા માટે.**

---

**વાદી તરફે :: વિ.વ.શ્રી બી.જે.દ્વિવેદી**
**પ્રતિવાદી તરફે :: –**

---

**<u>-//જજમેન્ટ//-</u>**

(૧) વાદીના દાવાની હકિકત એવી છે કે, વાદીની પી.જી.વી.સી.એલ.ની મુખ્ય કચેરી રાજકોટ મુકામે આવેલ છે અને ધ્રાંગધ્રા તાલુકાનાં રાજસીતાપુર ગામે સબ ડીવીઝન ઓફિસ આવેલ છે. વાદી વિજ કંપનીનાં પ્રતિવાદી ઝાઝનભાઈ રૂડાભાઈ રબારી ગ્રાહક છે અને તેઓને તેમનાં નામે રહેણાંકના હેતુ માટે વિજ કનેકશન મેળવેલ અને જેમનો ગ્રાહક નં.૭૨૭૨૮૦૦૩૬૨૯ થી તેઓ વિજ કંપનીનાં ગ્રાહક તરીકે ઝાઝનભાઈ રૂડાભાઈ રબારી નોંધાયેલ છે. તેઓની સાથે ઝાઝનભાઈ રૂડાભાઈ રબારી વીજ વપરાશ કરતા હતા. ઝાંઝનભાઈ રૂડાભાઈ રબારી ગુજરી જતાં તેઓના વીજળી વપરાશનાં બીલની રકમ ભરપાઈ કરવા ગુજ.ઝાઝનભાઈ રૂડાભાઈ રબારીના વારસદાર તરીકે દેવકરણભાઈ લીંબાભાઈ ઝાઝનભાઈ રબારી જવાબદાર છે. જે રકમ ભરપાઈ ન કરતા તેઓની સામે વાદીએ આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

આ કામનાં પ્રતિવાદી રહે.ખોડુ, તા.વઢવાણ નાએ પોતાનાં રહેણાંકના હેતુ માટે ખોડુ ગામ મધ્યે વીજ કનેકશન મેળવવા માટે નિયત ફોર્મમાં અરજી કરેલ અને વાદી વીજ કંપનીએ પ્રતિવાદીએ રહેણાંકના હેતુ માટે વીજ કનેકશન આપવાનું ઠરાવતાં પ્રતિવાદીએ વાદી વીજ કંપનીને જરૂરી દસ્તાવેજો કરી આપેલ. તેઓએ કાયદા અને કરાર મુજબ પ્રતિવાદી વીજ કંપનીને વીજ વપરાશ તથા મીનીમમ વીજ વપરાશના બીલની રકમ નિયમીત રીતે ચડીયે ચડી ભરપાઈ કરવાની હતી. પ્રતિવાદીએ વાદીને નિયમીત રીતે વીજ વપરાશનાં બીલની રકમ ભરપાઈ કરેલ ન હોઈ, પ્રતિવાદી પાસે વાદીનાં વીજ વપરાશનાં તથા મીનીમમ વીજ વપરાશનાં એરિયર્સના ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૪ થી જુન-જુલાઈ-૨૦૨૫ સુધીનાં **રૂા.૪૯,૪૧૯.૬૮** + **ડી.પી.સી. ચાર્જનાં રૂા.૧૩,૮૫૪.૭૩** પૈસા મળી કુલ રૂપિયા **રૂા.૬૩,૨૭૪.૪૧** પૈસા બાકી લેણાં નીકળે છે જે વાદી વીજ કંપની તરફથી આ કામનાં પ્રતિવાદીને જરૂર વીજ શકિતનો પુરાવઠો પુરો પાડવામાં આવેલ છે. આ કામના

પ્રતિવાદી વીજળી વપરાશનાં બીલની રકમ ભરપાઈ ન કરતાં વાદીના વકીલે તા.૨૨/૦૭/૨૦૨૫ નાં રોજ રજી.એ.ડી. મારફત નોટીસ આપેલ હતી. જે રજી.એ.ડી. નોટીસ પ્રતિવાદીએ તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ સ્વીકાર્યા અંગેની પહોંચ આ કામમાં સામેલ રાખેલ છે. તેમ છતાં વીજળી વપરાશના બીલની રકમ પ્રતિવાદી તરફથી ભરપાઈ નહિ કરતાં વાદી વીજ કંપની તરફથી આ કામનાં પ્રતિવાદીનું વીજ કનેકશન કાયમી ધોરણ કાપી નાંખવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદીએ વાદીની વીજ કંપનીની બાકી રહેતી બીલની રકમ આજ દિવસ સુધી ચુકવી આપેલ નથી. આ રકમ વસુલ મેળવવા માટે આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

ઉપર દાવા અરજીમા જણાવ્યા પ્રમાણે વાદી કંપનીની લેણી રકમ **રૂા.૬૩,૨૭૪–૪૧** પૈસા વાદી વિજ કંપનીના નિયમ મુજબ **૧૮%** ના ચડતા વ્યાજ તથા દાવાના ખર્ચ સહીત તમામ ખર્ચ સહીતનુ પ્રતિવાદીની હરેક જાત તથા મીલકતથી વસુલ કરી શકાય તેવુ વાદીના લાભમા હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

(૨) ત્યારબાદ આ કામના પ્રતિવાદીનાઓને સમન્સ કરતા તેઓને ધારા ધોરણસર બજી ગયેલ, તેમ છતા પ્રતિવાદીએ જાતે કે તેમના કુલમુખ્યાર મારફત કે તેઓના વકિલશ્રી મારફત હાજર થયેલ ન હોય તથા દાવાના કામે કોઈ જવાબ કે બચાવ રજુ કરેલ ન હોય પ્રતિવાદીના જવાબનો હક્ક બંધ કરી દાવો એકતરફી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ, જે પ્રતિવાદીએ આજદિન સુધી સદર હક ખોલાવવા માટે કોઈ અરજી કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજદિન સુધી નામદાર એપેલેટ કોર્ટમાં પડકારેલ હોય તેવી કોઈપણ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

(૩) વાદીએ પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **સાહેદ** | **આંક** | **મૌખિક પુરાવાની વિગત** |
|---|---|---|
| ૧ | ૦૭ | વાદી તરફે સાહેદ સંજયભાઇ પ્રેમજીભાઇ નકુમના પુરાવાનું સોગંદનામુ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | પ્રતિવાદીની બાકી રકમ દર્શાવતું સ્ટેટમેન્ટ |
| ૨ | ૧૦ | ડી.પી.સી. કેલકયુલેશન શીટ |
| ૩ | ૧૧ | પ્રફોર્મા નં.–૧૨ |
| ૪ | ૧૨ | સ્થળ રોજકામ |
| ૫ | ૧૩ | ગેઇટ પાસ |
| ૬ | ૧૪ | વાદીએ પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ |
| ૭ | ૧૫ | પ્રતિવાદીને મળ્યા અંગેની પહોંચ |
| ૮ | ૧૬ | વાદીના વકીલે પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ |
| ૯ | ૧૭ | પ્રતિવાદીને મળ્યા અંગેની પહોંચ |
| ૧૦ | ૧૮ | એન્ડ ઓફ સ્ટેટમેન્ટ |

ત્યારબાદ વાદી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય **આંક–૧૯** થી કલોજીંગ પુરશીશ રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ આ કામે વાદીપક્ષે વિ.વ.શ્રી.ની દલીલ સાંભળવામા આવેલ છે.

(૫) આ કામે **આંક–૦૬** થી નીચે મુજબના મુદા ઘડવામા આવેલ છે.

**<u>–//મુદા//–</u>**

1. *Whether the plaintiff proves that plaintiff is entitled to get the suit amount?*
2. *Whether the plaintiffs is entitled to get interest ? if yes, at what rate interest?*

*3. Whether the Plaintiff entitled to get relief as prayed for?*

*4. What order and decree?*

**(૬) ઉપરોકત મુદા અંગેના આ અદાલતના નિર્ણય નીચે મુજબ છે.**

૧.હકારમા

૨.અંશત: હકારમાં (વાર્ષિક ૬% ના દરે)

૩.અંશત: હકારમાં

૪.આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા:-**

(૭) મુદા નં.૧ થી ૩ હકીકતની દ્રષ્ટિએ એકબીજાથી સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદ્દાની સંયુકત ચર્ચા કરવામાં આવે છે.

(૮) આ કામે વાદી પક્ષ દ્વારા પોતાનો દાવો પુરવાર કરવા માટે વાદી પર પુરાવાનો બોજો રહે છે અને તે અનુસાર આ કામે વાદીપક્ષનો પુરાવો જોઈએ તો વાદી કંપની તરફથી સાહેદ **સંજયભાઇ પ્રેમજીભાઇ નકુમની આંક-૦૭** થી સોગંદ પર સરતપાસ રજુ કરેલ છે. જેમાં દાવાની હકિકત છે તે જ હકીકત જણાવેલ છે. જે હકિકત ધ્યાને લેતાં દાવાની હકીકતને સમર્થન કરેલ છે કે, <u>પ્રતિવાદી પાસે વાદીનાં વીજ વપરાશનાં તથા મીનીમમ વીજ વપરાશનાં એરિયર્સના ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૪ થી જુન-જુલાઈ-૨૦૨૫ સુધીનાં **રૂા.૪૯,૪૧૯.૬૮ + ડી.પી.સી. ચાર્જનાં રૂા.૧૩,૮૫૪.૭૩** પૈસા મળી કુલ રૂપિયા **રૂા.૬૩,૨૭૪.૪૧** પૈસા બાકી લેણાં નીકળે છે જે વાદી વીજ કંપની તરફથી આ કામનાં પ્રતિવાદીને જરૂર વીજ શકિતનો પુરાવઠો પુરો પાડવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી વીજળી વપરાશનાં બીલની રકમ ભરપાઈ ન કરતાં વાદીના વકીલે તા.૨૨/૦૭/૨૦૨૫ નાં રોજ રજી.એ.ડી. મારફત નોટીસ આપેલ હતી. જે રજી.એ.ડી. નોટીસ પ્રતિવાદીએ તા.૨૫/૦૭/૨૦૨૫</u>

ના રોજ સ્વીકાર્યા અંગેની પહોંચ આ કામમાં સામેલ રાખેલ છે. તેમ છતાં વીજળી વપરાશના બીલની રકમ પ્રતિવાદી તરફથી ભરપાઈ નહિ કરતાં વાદી વીજ કંપની તરફથી આ કામનાં પ્રતિવાદીનું વીજ કનેકશન કાયમી ધોરણ કાપી નાંખવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદીએ વાદીની વીજ કંપનીની બાકી રહેતી બીલની રકમ આજ દિવસ સુધી ચુકવી આપેલ નથી. આ રકમ વસુલ મેળવવા માટે આ દાવો લાવવાની ફરજ પડેલ છે. વાદીએ પ્રતિવાદીને ઉપરોકત રકમ વસુલ આપી જવા માટે નોટીસ આપેલ. જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે તેમ જણાવી દાવાના સમર્થનમાં **આંક–૦૯ થી ૧૮** સુધીનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. આ કામે વાદી કંપીનાના સાહેદે આપેલ ઉપરોકત પુરાવાને તથા પુરાવા દરમિયાન રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને પ્રતિવાદી દ્વારા ચેલેંજ કરવામાં આવેલ નથી કે, વાદીના સાહેદે આપેલ પુરાવા વિરુધ્ધ અનુમાન કરી શકાય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમા વાદી કંપનીના સાહેદે આપેલ પુરાવાને ન માનવા માટેનું કોઇ કારણ નથી. આ સંજોગોમા રજુ થયેલ વાદીના સાહેદની જુબાની તથા દસ્તાવેજી પુરાવા મુજબ પ્રતિવાદી વાદી વીજકંપનીના ગ્રાહક ન હોવા છતા વિજ વપરાશ કરેલ હોવાનુ તેમજ પ્રતિવાદીએ વિજકંપનીને દાવા અરજીમાં જણાવ્યા મુજબની રકમ તથા અન્ય ચાર્જીસ ભરપાઈ કરેલ નહી હોવાનુ પુરવાર થાય છે.

(૯) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે *JAY AMBE INDUSTRIES PROPRIETOR SHRI DINESHKUMAR BAJRANGLAL SOMANI Versus GARNET SPECIALTY PAPER LTD R/FIRST APPEAL NO. 5228 of 2019* ચુકાદામાં ઠરાવેલ છે કે, જ્યારે દસ્તાવેજોને કાયદાનુસાર આંક આપવામાં આવે તો તે પક્ષકારે પોતાનો પુરાવાનો બોજાનું વહન અન્ય પક્ષકાર પર કરેલ છે, જે નીચે મુજબ છે.

*"Once the document has been exhibited, the initial*

*burden of proof could be said to have been discharged by the original plaintiff. The original defendant was expected to deny the same with cogent rebuttal evidence, but having failed in submitting the rebuttal evidence, the trial court could not have ignored the exhibited evidence/undisputed evidence merely because there was no oral evidence in the form of examination of any evidence by the witness in support of the documentary evidence."*

**(૧૦)** વધુમા વાદી કંપની દ્વારા લેણી રકમ વસુલ થતા સુધી નીયમ પ્રમાણેના ૧૮ ટકાના ચડતા વ્યાજ સાથે વસુલ અપાવવા માંગણી કરેલ છે. પરંતુ વાદી કંપનીએ કરેલ વ્યાજની માંગણી વધારે પડતી હોય તેમજ સી.પી.સી ની કલમ–૩૪ ધ્યાને લેતા વ્યાજનો દર વાર્ષીક **૬%** મંજુર કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય બાકી લેણી રકમ વસુલ થતા સુધી વાર્ષીક **૬%** ના વ્યાજ સાથે વસુલ અપાવવાનુ ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમા વાદી કંપની જી.ઈ.આર.સી.આર. (સપ્લાય કોડ) કે જે વીજ અધીનીયમ ની જોગવાઇ હેઠળ બનાવવામાં આવેલ છે, તેની જોગવાઈ મુજબ બાકી લેણી રકમ પર નિર્ધારીત દર મુજબ વિલંબીત ચાર્જીસની રકમ મેળવવા હક્કદાર છે તેમ ઠરાવવામાં આવે છે. જેથી વાદીએ દાવા અરજીમા જણાવેલ લેણી રકમ **રૂા.૬૩,૨૭૪–૪૧** પૈસા વસુલ થતા સુધી વાર્ષીક **૬%** ના વ્યાજ સાથે વસુલ મેળવવા હકકદાર હોવાનુ જણાય છે.

**(૧૧)** આમ ઉપરોક્ત હકિકત અને ચર્ચા ધ્યાને લેતાં વાદીએ પોતાના દાવાની હકિકત પુરવાર કરેલ હોય અત્રે ઉપસ્થિત **મુદ્દા નં.૧ નો જવાબ "હકાર" માં. મુદ્દા નં.૨ અને ૩ નો જવાબ "અંશત: હકાર" માં** આપવામાં આવે છે અને **મુદ્દા નં.૪** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

૧) વાદીનો દાવો **રેગ્યુલર દિવાની મુકદમા નં.૧૨૦/૨૦૨૫** આથી **"અંશત: મંજુર"** કરવામાં આવે છે.

૨) આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની કાયદેસરની લેણી રકમ **રૂા.૬૩,૨૭૪-૪૧ પૈસા (અંકે ત્રેસઠ હજાર બસો ચુમોતેર રૂપિયા અને એકતાલીસ પૈસા પુરા)** દાવા તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક **૬%** ના વ્યાજ દરે ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે. તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચુકવવામા કસુર કરે તો વાદી સંસ્થા આ રકમ પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકશે.

૩) આથી, સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ ઠરાવમાં કરેલ ચર્ચા મુજબ પ્રતિવાદીએ તેઓના ખાતામાં જે જે રકમ જમા આપેલ હોય તો તે રકમ આ ઠરાવ અન્વયે વાદીને મળવાપાત્ર રકમની ગણતરીમાંથી યથા પ્રસંગ મુદત કે વ્યાજ પેટે બાદ (મજરે) મેળવવા પ્રતિવાદી હકકદાર ગણાશે.

૪) વાદી કંપીનીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ : ૦૬, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા.૦૬/૦૩/૨૦૨૬ (પાર્થ મહાવીંરસિંહ ઝાલા)
સુરેન્દ્રનગર. એડી.સિવિલ જજ
સુરેન્દ્રનગર.
(સ્ટેનો:દર્શન એ. દેસાણી) જીજે.૦૧૭૪૦